# Fun with Family

Day-8 | 06/04/2020



## બાળમિત્રો, Ready... Steady... Go... -> ->



ભગવાન આપણા સૌની રક્ષા કરે તે માટે આજે 'સમૂહ પ્રાર્થના' કરવાની છે... ઘરમંદિરમાં દીવો પ્રગટાવી, ઘરનાં બધા સભ્યો ઘરમંદિર પાસે બેસી.. અહીં આપેલી લીંકમાં જે પ્રાર્થના છે તે પ્રાર્થના કરીશું...

https://bit.ly/2UKiHv7



બાળમિત્રો, આજે નીલકંઠવર્ણીને યાદ કરતાં કરતાં થોડું તપ કરીએ... દિવસ દરમ્યાન એક-એક કરીને કુલ ૬ તપની માળા કરીશું...
(એક સાથે નહીં કરો તો પણ ચાલશે...
એક-એક માળા ફેરવીશું...)

ગઈ કાલે કરેલા ૧ થી ૨૦ નામ મમ્મી-પપ્પા આગળ રજી કરીશું ત્યાર બાદ આજે 'સહજાનંદ નામાવલી'ના ૨૧ થી ૪૦ નામનો મુખપાઠ મુખપાઠ કરીશું...

https://bit.ly/3dZhHLd

આવી ગઈ છે... આપને મનગમતી...આપ જેની રાહ જુઓ છો તે...
'સત્સંગ વિહાર ક્વીઝ...' લીંક ઉપર ક્લીક કરો અને
સત્સંગ વિહાર ક્વીઝમાં ભાગ લો. ખરેખર તમને ખૂબ મઝા આવશે...

https://bit.ly/2V2JbqJ

# મારો પરિવાર - સંપેલો પરિવાર

Friends..., આજે ઘરના સભ્યોની ઊંચાઈ (Height) માપીશું... સાથે સાથે ઉંમર (Age) પણ જાણીશું... અને તેની નોંધ એક Table બનાવી તેમાં કરીશું.

| NAME | HEIGHT | AGE |
|---|---|---|
| ME | 4 ft. | 10 |
| PAPPA | 5.7 ft. | 35 |
| MUMMY | 5.3 ft. | 32 |
| SISTER | 3 ft. | 2 |





## 'ઈતિહાસ જાણીએ'...

હવે મમ્મી પપ્પા પાસેથી એ જાણો કે...

પ્ર. ૧: આપણા પરિવારને સત્સંગ કઈ સાલમાં થયો?

પ્ર. ૨: સત્સંગ કોના દ્વારા થયો?

પ્ર. ૩: સત્સંગ કેવી રીતે થયો?

પ્ર. ૪: આપણા પરિવારની સત્સંગ સંબંધી કોઈ યાદો / સ્મૃતિઓ છે? ઉત્સવ, સેવા, વગેરે... તો તે જાણો...

## હવે કોમ્પિટીશન માટે તૈયાર...??

ઘરનાં સભ્યોની બે ટીમ પાડો...
એક પપ્પાની, બીજી મમ્મીની...
બંને ટીમ મસાલાદાર ઉકાળો બનાવશે...
જે ટીમનો ઉકાળો અફલાતુન હશે
તે વિજેતા જાહેર થશે...




# Fun Zone



ચાલો, 'NEWS READER' બનીએ...
અહીં આપેલી લીંકમાં જે સમાચાર છે
તે તમારે લખીને બોલવાના છે...
પણ Dress, Makeup, T.V. set બનાવીને...

https://bit.ly/3aIXgQI

પેન ઉપાડ્યા વગર,
ચાર સીધી લાઈન વડે બધાં
ટપકાં જોડો...





નીચેની લીંક દબાવો અને એક
'Funny Video' માણો...
ઘરનાં બધાં સભ્યો સાથે મળીને જોશો
તો ખૂબ જ મજા આવશે...

https://bit.ly/2UWGiHO



# My Guru, My Life

**હવે... ઘરના બધા સભ્યોએ અહીં આપેલું નાનું પ્રવચન**
**મોઢે કરવાનું છે અને ઘરમાં રજૂ કરવાનું છે...**
**જે સૌથી સારું પ્રવચન કરે તે વિજેતા જાહેર થશે...**

## ‘મારા ગુરુ મહંતસ્વામી મહારાજ’

‘સાધુતા’... માત્ર ત્રણ અક્ષરનો એ શબ્દ, કોઈ શબ્દમાત્ર નથી. તેમાં તમામ ભારતીય શાસ્ત્રોનો સર્વોત્તમ અર્ક મઘમઘે છે. આજે મારે તમને એવી સાધુતાની અને સાધુતાના શિખર સમાન મહાપુરુષની વાત કરવી છે. નામ છે સાધુ કેશવજીવનદાસજી. પરંતુ સૌનાં હૈયે ચઢેલું નામ એટલે મહંતસ્વામી મહારાજ. મારા ગુરુ મહંતસ્વામી મહારાજ. જેમની આંખોમાં, જેમના સાંનિધ્યમાં, જેમના સમગ્ર વ્યક્તિત્વમાં રોમરોમમાં સાધુતા નીતરે છે.

૧૩ સપ્ટેમ્બર ૧૯૩૩ની સાલમાં મણીભાઈ પટેલ અને તેમના ધર્મપત્ની ડાહીબાના ખોળે તેમનો જન્મ થયો. નવજાત શિશુનું નામ શું પાડવું? ૬ માસના બાળકને શાસ્ત્રીજી મહારાજના ખોળે મૂકવામાં આવ્યા. બાળક પર દૃષ્ટિ કરતાં જ શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થઈ ગયા. હોંશે હોંશે બાળકને વર્તમાન ધારણ કરાવીને નામ પાડ્યું ‘કેશવ’ અને આશીર્વાદ આપતા કહ્યું, ‘મણીભાઈ! તમારો આ પુત્ર મોટો થઈને સંત બનશે અને સંપ્રદાયની ખૂબ મહાન સેવા કરશે.’

બાળવયથી જ એમની સ્મરણશક્તિ અત્યંત તીવ્ર. તેથી ભણવામાં પણ અવ્વલ નંબરે આવતા. પુસ્તક વાંચનનો ખૂબ શોખ હતો. અને કલાસૂઝ પણ સારી હતી.

૧૯૫૧માં યોગીજી મહારાજના યોગમાં આવ્યા. તેમના દિવ્ય વાત્સલ્યમાં તેઓ ભીંજાયા અને તા. ૨-૨-૧૯૫૭ના દિવસે યોગીજી મહારાજ પાસે દીક્ષા લઈ સાધુ કેશવજીવનદાસ બન્યા. મુંબઈમાં સૌ ભણનારા સંતોના મુખ્ય સંત ‘મહંત’ તરીકે નિયુક્ત કરીને યોગીજી મહારાજે તેમને મહંતસ્વામી નામથી સંબોધ્યા. ત્યારથી તેમનું નામ પડ્યું, ‘મહંતસ્વામી’. યોગીજી મહારાજના ધામમાં પધાર્યા પછી તેમણે પોતાનું જીવન પ્રમુખસ્વામી મહારાજની છત્રછાયામાં વિતાવવાનું શરૂ કર્યું. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે દેશ-પરદેશમાં વિચરણ કરીને હજારો મુમુક્ષુઓને સત્સંગના માર્ગે વાળ્યા... અને પ્રમુખસ્વામી મહારાજની નાની મોટી દરેક આજ્ઞા અધ્ધર ઝીલીને તેમનો અત્યંત રાજીપો પ્રાપ્ત કર્યો...

૨૦૧૨ની ૨૦મી જુલાઈએ પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામીની સંસ્થાના ગુરુપદે નિમણૂક કરી. ૨૦૧૬માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ધામમાં પધાર્યા બાદ તેઓને હરિભક્તોએ સંસ્થાના પ્રમુખ અને ગુરુ તરીકે સ્વીકાર્યા ત્યારથી તેઓ મહંત સ્વામી મહારાજ તરીકે ઓળખાય છે

Jay Swaminarayan swami,

હવે બાળમિત્રો,
તમને જે કોઈ સંત ઓળખતા
હોય તેવા કોઈપણ એક સંતને
Message/Whatsapp
કરીશું... (ફક્ત બાળકો માટે)

- તેમની તબીયત કેમ છે?
- આપણા પરિવારની ભગવાન
  આ મુશ્કેલીમાં રક્ષા કરે તેવી
  પ્રાર્થના તેઓ કરે...

તેવી વિનંતી કરતો
Message/Whatsapp કરીશું...



અહિં મેં કલરના નામ લખ્યા હતા... પણ તમે ફોન આડો કર્યો તેથી
બધા Mix થઈ ગયા... હવે તમે જ તે નામ ગોઠવી આપો...
કહો કે કયા કલરના નામ છે??...

| | | |
|---|---|---|
| DER | ERGEN | WHIET |
| NIPK | ACKBL | LOWLEY |
| ULBE | RONBW | LIERSV |


# Story Time

## કૂતરો થઈ જાવ




એક ઋષિ જંગલમાં પર્ણકુટિમાં રહેતા હતા. તે ખૂબ જ ભલા અને પરોપકારી હતા. વનનાં બધાં જ પશુ-પંખી ઋષિને ખૂબ વહાલ કરતાં. પણ એક કૂતરો તો ઋષિની આસપાસ જ રહે. તે ખૂબ નિષ્ઠાથી ઋષિની ચોકી કરે.

એક દિવસ એક વરુ તે કૂતરાને મારવા આવ્યું. કૂતરાએ ઋષિને વાત કરી. ઋષિએ હાથમાં પાણી લીધું અને મંત્ર બોલીને કૂતરા પર છાંટ્યું. કૂતરો હવે વરુ બની ગયો !







થોડી વાર પછી આશ્રમમાં વાઘ આવી પહોંચ્યો. વાઘની ત્રાડ સાંભળી વરુના સ્વરૂપમાં કૂતરો ભયનો માર્યો ટૂંટિયું વાળી બેસી ગયો. ઋષિને દયા આવતાં તેમણે તરત જ તેને વરુમાંથી વાઘ બનાવી દીધો.


**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**




સાચો વાઘ આ ચમત્કાર જોઈ ત્યાંથી નાસી ગયો. કૂતરામાંથી વાઘનું સ્વરૂપ મળતાં તે હવે બીજા પ્રાણીઓનો શિકાર કરવા લાગ્યો.




એક દિવસ તે મેદાનમાં સૂતો હતો. અચાનક એક મોટો હાથી ત્યાં ધસી આવ્યો. ધરતી ધ્રુજાવતા હાથીને જોઈ વાઘ બનેલો કૂતરો ઋષિ પાસે દોડી આવ્યો.




હાથીથી ગભરાયેલા વાઘરૂપી કૂતરાને ઋષિએ જાદુઈ મંત્ર ભણી હાથી બનાવ્યો. હવે તેને મસ્તી કરવાની ખૂબ મજા આવવા લાગી.

થોડા મહિના પછી જંગલમાં શરભ નામનું ભયાનક પ્રાણી આવ્યું. ચાર હાથ, બે પગ, વિકરાળ મોં, ડાયનાસોર જેવી પૂંછડી જોઈ હાથી બનેલો કૂતરો ફરીથી ઋષિ પાસે જઈ પહોંચ્યો. ઋષિએ તેને શરભ બનાવ્યો.







આ ચમત્કારથી અસલી શરભ ભાગી ગયું. પરંતુ કૂતરાને નવા રૂપથી અભિમાન આવ્યું. હવે, તે ઋષિને મારવા દોડ્યો. ઋષિએ પાણીની અંજલિ છાંટીને તેને કૂતરો બનાવી દીધો. ઋષિએ તેને આશ્રમમાંથી હાંકી કાઢ્યો.

**બોધ :** જેની કૃપાથી આપણે મહાન બન્યા હોઈએ, તેનો વિરોધ કરીએ તો પસ્તાવું જ પડે.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**



# The wise Fox

In the jungle, there lived an old fox and his friends : the snake, the rabbit and the tortoise. The fox, old as he was, was very wise. He always knew the right thing to do and he was certain of it. One day an interesting question was being discussed amongst the group.

"What if the jungle caught fire! What would you do?"

The snake said that he would hide in a tree. The rabbit replied that he would hop quickly to his house. The tortoise said that he would dig a hole and hide in it. But the fox replied differently. He was totally convinced that he would run away from the fire, in the opposite direction. Even though all of the animals were his friends, he wouldn't join them! He was positive that if he ran away, his life would be saved.

Friends, today you have to prepare this story and present it to the parents.

Well, one day, it just so happened that the forest caught fire! Each of the animals carried out their own plan. The fox did exactly what he said he'd do because he was sure it would save his life. After the fire had died down, he returned to see how his friends were. He looked up to see that the snake was fried in the tree, the rabbit was scorched in his burrow and the tortoise was baked in his hole!

As satsangis, we can learn a lot from the fox. Although he did not plan to hide in his home like his friends, he was certain that his plan would save his life. Likewise, Bapa gives us niyams to help keep us safe. We may want to stick with our friends, but if we have faith in Bapa then he can save us from making wrong decisions.

The fox was the only one to survive because of his faith in his beliefs. We should have this kind of faith in our beliefs. If we believe in Shriji Maharaj and Swami Bapa and follow their niyams, then we will always be safe and happy.

**Remember,**
**you have to perform this story**
**in front of Mom and Dad.**





**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**

**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2RdlMlv



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. (9998999209)

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ